For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

હરણી, આજવા, વાઘોડિયા અને આર.વી. દેસાઈ રોડ સહિતના વિસ્તારોમાં ફૂડ સેફ્ટી ટીમની સઘન તપાસ

એનાલોગ પનીર-ચીઝ સામે પાલિકાનો સપાટો ૧૪ યુનિટમાં દરોડા; ૪૭૧ કિલો જથ્થાનો નાશ

રૂ.૧.૫૦ લાખથી વધુના અખાદ્ય જથ્થાનો સ્થળ પર નાશ, બે વેપારીઓને નોટિસ ફટકારી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

ગુજરાત સરકાર દ્વારા એનાલોગ પનીર અને એનાલોગ ચીઝના વેચાણ પર પ્રતિબંધ જાહેર કર્યા બાદ વડોદરા મહાનગરપાલિકાના ખોરાક શાખાએ શહેરમાં સઘન ચેકિંગ અભિયાન હાથ ધર્યું હતું. મ્યુનિસિપલ કમિશનરની સૂચના તેમજ ડેઝિગ્નેટેડ ઓફિસરના માર્ગદર્શન હેઠળ ફૂડ સેફ્ટી અધિકારીઓએ હરણી રોડ, આજવા રોડ, વાઘોડિયા રોડ, ખંડેરાવ માર્કેટ વિસ્તાર અને આર.વી. દેસાઈ રોડ પર આવેલી વિવિધ ડેરી અને વેપારી પેઢીઓમાં આકસ્મિક તપાસ કરી હતી.

આ અભિયાન દરમિયાન કુલ 14 યુનિટની તપાસ કરવામાં આવી હતી. જેમાં 6 રિટેલર, એક ઉત્પાદક, બે હોલસેલર, એક હોલસેલર-રિટેલર અને એક ડિસ્ટ્રીબ્યુટર-રિટેલર સહિતના એકમોનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન કુલ 471 કિલો અખાદ્ય એનાલોગ પનીર, ચીઝ અને અન્ય ખાદ્ય પદાર્થો, જેની કિંમત રૂ.1.50 લાખથી વધુ થાય છે, તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત બે યુનિટોને ફૂડ સેફ્ટી નિયમો હેઠળ શેડ્યૂલ-4ની નોટિસ પણ આપવામાં આવી હતી.

હરણી રોડ પર એરપોર્ટ હોટલ નજીક આવેલી **હરે કૃષ્ણા ટ્રેડર્સ**માંથી 297 કિલો એનાલોગ પનીર, આજવા રોડ પર **વ્હાઈટ હાઉસ ડેરી**માંથી 79 કિલો એનાલોગ જથ્થો, આર.વી. દેસાઈ રોડ પર **શીવાંસ એન્ટરપ્રાઈઝ**માંથી 12 કિલો અને **કિશીવ એન્ટરપ્રાઈઝ**માંથી 80 કિલો એનાલોગ જથ્થો નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે વાઘોડિયા રોડ પર આવેલી **દ્વારકાધીશ ડેરી**માંથી 9 કિલો બગડેલું બટર પણ નાશ કરી નોટિસ ફટકારવામાં આવી હતી.

મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે પ્રતિબંધિત અને અખાદ્ય ખાદ્ય પદાર્થોનું વેચાણ કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ આવી જ સઘન કાર્યવાહી ચાલુ રહેશે, જેથી નાગરિકોના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારની ચેડાં ન થાય.

ખોરાક શાખાના અધિકારીઓએ વેપારીઓને પ્રતિબંધિત એનાલોગ પનીર અને ચીઝનું વેચાણ, સંગ્રહ અથવા વિતરણ ન કરવાની કડક ચેતવણી આપી છે. નિયમોના ભંગના કિસ્સામાં ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. કોર્પોરેશને નાગરિકોને પણ અપીલ કરી છે કે શંકાસ્પદ ખાદ્ય ચીજવસ્તુઓ અંગે તાત્કાલિક જાણ કરે, જેથી લોકોના આરોગ્ય સાથે કોઈ સમાધાન ન થાય અને શહેરમાં સુરક્ષિત ખાદ્ય પદાર્થોનું વેચાણ સુનિશ્ચિત કરી શકાય.

સયાજી હોસ્પિટલમાં ઈન્જેક્શન આપવા હાથકડી ખોલીને આરોપીએ દોટ મૂકી

મેડિકલ ચેકઅપ દરમિયાન પોલીસને ચકમો આપી ૩૭૬નો આરોપી ફરાર

CCTVમાં સમગ્ર ઘટના કેદ, બહુમાળી ઈમારતમાં ઘૂસતાં પોલીસનું સર્ચ ઓપરેશન

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરની એસએસજી હોસ્પિટલમાં ગુરુવારે મેડિકલ ચેકઅપ માટે લાવવામાં આવેલા દુષ્કર્મના આરોપીએ પોલીસને ચકમો આપી ફિલ્મી અંદાજમાં ફરાર થઈ જતાં હોસ્પિટલ પરિસરમાં ભારે દોડધામ મચી ગઈ હતી. આરોપીએ સારવાર દરમિયાન ઈન્જેક્શન લીધા બાદ પોલીસ કોન્સ્ટેબલને ધક્કો મારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર ઘટનાક્રમ હોસ્પિટલના CCTV કેમેરામાં કેદ થયો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક માહિતી મુજબ, જેલમાં સજા કાપતાં આરોપીને મેડિકલ ચેકઅપ માટે એસએસજી હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. તે દરમિયાન ઈન્જેક્શન લીધા બાદ તેણે અચાનક ફરજ પર રહેલા પોલીસ કોન્સ્ટેબલને ધક્કો મારી હોસ્પિટલમાંથી દોડ મૂકી હતી. આરોપીની પાછળ કોન્સ્ટેબલ પણ દોડ્યો હતો, પરંતુ આરોપી નજરમાંથી ગાયબ થઈ ગયો હતો.

ફરજ પર રહેલા પોલીસ કરમી એ જણાવ્યું હતું કે 376ના

આરોપીને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. ઈન્જેક્શન લીધા બાદ તેણે મને ધક્કો મારીને ભાગી ગયો હતો. હું તેની પાછળ દોડ્યો હતો, પરંતુ તે હાથ લાગ્યો નહોતો. આરોપી હોસ્પિટલ નજીક આવેલી એક બહુમાળી ઈમારતમાં ઘૂસી ગયો હોવાની માહિતી મળતાં પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ઉપરાંત CCTV ફૂટેજના આધારે આરોપીની ઓળખ અને હિલચાલના આધારે શોધખોળ તેજ કરવામાં આવી છે. ઘટનાને પગલે હોસ્પિટલમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

વકીલોએ A-૪ પેપરની હોળી સળગાવી નોંધાવ્યો વિરોધ

હાઈકોર્ટના પરિપત્ર સામે વડોદરા બાર એસો.નો આરપારનો સંઘર્ષ, બીજા દિવસે પણ કામકાજ ઠપ

પરિપત્ર પરત નહીં ખેંચાય તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની બાર એસોસિએશનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

હાઈકોર્ટના તાજેતરમાં જાહેર કરાયેલા વિવાદાસ્પદ પરિપત્રના વિરોધમાં વડોદરા બાર એસોસિએશને સતત બીજા દિવસે અદાલતી કામકાજનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો. વકીલોએ કોર્ટ પરિસરમાં A-4 સાઈઝના કાગળોની પ્રતિકાત્મક હોળી સળગાવી વિરોધ નોંધાવ્યો હતો. તેના કારણે શહેરની વિવિધ અદાલતોમાં સુનાવણી પ્રભાવિત થઈ હતી અને કોર્ટ પરિસરમાં સન્નાટો છવાઈ ગયો હતો.

બરોડા બાર એસોસિએશનના આહ્વાન પર મોટી સંખ્યામાં વકીલો કામકાજથી દૂર રહ્યા હતા. હજારો કેસોની સુનાવણી

મુલતવી રહેતાં પક્ષકારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વકીલોનું કહેવું છે કે હાઈકોર્ટનો નવો પરિપત્ર વકીલાતના વ્યવસાય ઉપરાંત સામાન્ય નાગરિકોને ન્યાય મેળવવાની પ્રક્રિયામાં પણ અવરોધરૂપ બનશે.

બાર એસોસિએશનના પ્રમુખ હસમુખ ભટ્ટના નેતૃત્વમાં યોજાયેલા વિરોધ કાર્યક્રમમાં સિનિયર અને જુનિયર વકીલો મોટી સંખ્યામાં જોડાયા હતા. વિરોધ દરમિયાન હાઈકોર્ટ પ્રશાસન સામે સૂત્રોચ્ચાર કરી પરિપત્ર તાત્કાલિક અસરથી પરત ખેંચવાની માંગ કરવામાં આવી હતી.

વકીલ મંડળે સ્પષ્ટ જણાવ્યું હતું કે આ લડત માત્ર વકીલોના હિત પૂરતી સીમિત નથી, પરંતુ ન્યાયિક વ્યવસ્થાની સરળતા અને સામાન્ય નાગરિકોના હિત સાથે પણ જોડાયેલી છે. જો પરિપત્ર પરત નહીં ખેંચાય તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન શરૂ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

લગ્નની લાલચ અને મારી નાખવાની ધમકી આપી યુવતી પર વારંવાર દુષ્કર્મ

બળાત્કાર ગુજારનાર આરોપીને ગણતરીના કલાકોમાં પોલીસે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) સાવલી તા. 6

વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના એક ગામમાં યુવતીને લગ્ન કરવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપીને ગામના જ શખ્સે વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. ઉપરાંત જો આ વાતની જાણ કોઈને કરશે તો યુવતી ને બદનામ કરી નાખશે તેવી પણ ધમકી આપી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

ડેસર તાલુકાના એક ગામમાં રહેતા જયદીપ ઉર્ફે બાબરો નરવતસિંહ સોલંકી (ઉ.વ.26) 16 જાન્યુઆરી, 2026ની રાત્રે આશરે 10:30 વાગ્યે 20 વર્ષની યુવતીને તેના ઘરની સામે આવેલા વાડામાં લઈ જઈ તેની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ જો આ ઘટનાની જાણ કોઈને કરશે તો બદનામ કરી દેશે તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યારબાદ તો આરોપીએ યુવતી સાથે ધમકી આપીને

અનેક વખત પીડિતાની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. શારીરિક શોષણ નો શિકાર બનતી હોવાથી આરોપીના ત્રાસથી કંટાળી ગઈ હોય આખરે પીડિતાએ હિંમત એકઠી કરીને ડેસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. જોકે પોલીસ ફરિયાદ થઈ હોવાની જાણ થઈ જતા આરોપી ભાગી ગયો હતો જેથી ડેસર પોલીસે અલગ અલગ ટીમો બનાવીને તેની શોધખો શરૂ કરી હતી અને ગણતરીના કલાકોમાં જ દુષ્કર્મ ગુજારનાર આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે ભોગ બનનાર પીડિતાનું મેડિકલ કરાવ્યું હતું જ્યારે આરોપીનુ મેડિકલ કરાવવાની તજવીજ હાથ ધરવામા આવી છે.

નવી ઇમારત તૈયાર ન થાય ત્યાં સુધી ૯ દુકાનોમાં ચાલશે હંગામી શિક્ષણ વ્યવસ્થા

જર્જરિત શાળાને અલવિદા, હવે દુકાનોમાં ભણશે વિદ્યાર્થીઓ

શુક્રવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મુકાશે આખરી મહોર

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા મહાનગરપાલિકા હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત વાસણા રોડ પર આવેલી રાજા રામમોહનરાય પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આગામી દિવસોમાં અભ્યાસનું સરનામું બદલાવા જઈ રહ્યું છે. શાળાની વર્ષો જૂની અને જર્જરિત બની ગયેલી ઈમારતને તોડી પાડીને ત્યાં અદ્યતન નવી શાળા બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ નિર્માણ કાર્ય દરમિયાન બાળકોના અભ્યાસમાં કોઈ પણ પ્રકારનો વિલંબ કે વિક્ષેપ ન પડે તે હેતુથી શાળાને હંગામી ધોરણે નજીકની ખાલી દુકાનોમાં

વાસણા સરકારી શાળાની પાછળ આવેલી નીલકંઠ રેસિડેન્સી ખાતે એફોર્ડેબલ હાઉસિંગ યોજના હેઠળ નિર્માણ પામેલી ૧૪ ખાલી દુકાનો આવેલી છે. આ સંકુલમાંથી ૯ દુકાનોને એક વર્ષના સમયગાળા માટે વિનામૂલ્યે શાળાના સંચાલન માટે ફાળવવાની માગણી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવી છે. જેના ભાગરૂપે મ્યુનિસિપલ કમિશનરે આ હંગામી સ્થળાંતર અંગેની સત્તાવાર દરખાસ્ત તૈયાર કરીને મંજૂરી અર્થે કોર્પોરેશનની સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) સમક્ષ રજૂ કરી દીધી છે. શાળાની નવી ઈમારતનું બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય આ દુકાનોમાં જ ચાલુ રાખવામાં આવશે. આ દરખાસ્ત પર આગામી શુક્રવારે યોજાનારી સ્થાયી સમિતિની બેઠકમાં આખરી નિર્ણય લેવામાં આવશે. મંજૂરી મળતાં જ સ્થળાંતરની પ્રક્રિયા પૂર્ણ કરી બાળકોને નવી વ્યવસ્થા હેઠળ અભ્યાસ અર્થે બેસાડવામાં આવશે. જેથી ચોમાસા દરમિયાન જર્જરિત મકાનના જોખમથી વિદ્યાર્થીઓને મુક્તિ મળશે.

૬ વર્ષ બાદ ઝળહળ્યું એમ.એસ. યુનિવર્સિટી આર્ટસ ફેકલ્ટીનું ઐતિહાસિક ગુંબજ



સંસ્કારી નગરી વડોદરાની ઓળખ અને એમ.એસ. યુનિવર્સિટીની અમૂલ્ય ધરોહર ગણાતું આર્ટસ ફેકલ્ટીનું ઐતિહાસિક ગુંબજ છ વર્ષના લાંબા રિસ્ટોરેશન બાદ નવા રૂપમાં ઝળહળતું બન્યું છે. કોરોના કાળ દરમિયાન શરૂ થયેલી સમારકામની કામગીરી હવે પૂર્ણ થઈ છે અને આ મહિનામાં તેનું લોકાર્પણ થશે. કરોડોના ખર્ચે હાથ ધરાયેલા આ પ્રોજેક્ટમાં ગુંબજની મૂળ સ્થાપત્ય શૈલી, કલાત્મક કોતરણી અને ઐતિહાસિક ભવ્યતા યથાવત રાખવામાં આવી છે. આધુનિક લાઇટિંગ અને આકર્ષક રંગ-રોગાનથી સજ્જ બનેલું ગુંબજ હવે દિવસની સાથે રાત્રે પણ શહેરની શોભામાં વધારો કરશે. એશિયાના બીજા સૌથી મોટા ગુંબજ તરીકે ઓળખાતી આ ધરોહર ફરી એકવાર વડોદરાના ગૌરવનું પ્રતીક બની છે.

પૂર્વ સેનેટ સભ્યે સરકારના નિર્ણય સામે ઉઠાવ્યા સવાલ, નિમણૂકને ગણાવી અયોગ્ય

એમ.એસ.યુ. બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં જીગર ઈનામદારની નિમણૂક મુદ્દે વિવાદ

યુનિવર્સિટીની શૈક્ષણિક ગરિમા પર અસર થવાની વ્યક્ત કરી ચિંતા

(પ્રતિનિધિ) વડોદરા તા.6

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં નવા બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં ડો. જીગર ઈનામદારની જાણીતા શિક્ષણવિદ તરીકેની નિમણૂકને લઈને વિવાદ સર્જાયો છે. એક સેનેટ સભ્યે આ નિમણૂકને સખત શબ્દોમાં વખોડી કાઢી છે અને તેને યુનિવર્સિટી માટે કાળો દિવસ ગણાવ્યો છે.

ગુજરાત સરકારના નવા કોમન યુનિવર્સિટી એક્ટ મુજબ સેનેટ અને સિન્ડિકેટની જોગવાઈ નાબૂદ કરીને હવે બીઓએમની રચના કરવામાં આવી છે. આ બીઓએમમાં સરકાર દ્વારા પસંદગી પામેલા સભ્યોને સ્થાન આપવામાં આવે છે, જેમાં જાણીતા શિક્ષણવિદ માટે એક બેઠક અનામત રાખવામાં આવી છે. આ જ બેઠક પર ડો. જીગર ઈનામદારની પસંદગી કરવામાં આવી છે. નિમણૂકનો વિરોધ કરતા પૂર્વ સેનેટ સભ્ય કપિલ જોષીએ આક્ષેપ કર્યો કે ડો. ઈનામદાર જ્યારે એમ.એસ.યુ.માં હતા ત્યારે તેમને વગર લાયકાતે લીડરશીપ અભ્યાસક્રમના નિયામક તરીકે નિમવામાં આવ્યા હતા. વધુમાં, તેમના વિદ્યાર્થી કાળ દરમિયાન 22 વિદ્યાર્થીઓની ફીના ઉચાપતના આક્ષેપમાં તેમને યુનિવર્સિટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને 2 વર્ષ સુધી ચૂંટણી લડવા પર પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો હતો. સભ્યએ કહ્યું કે 144 કરોડની વસ્તી ધરાવતા દેશમાંથી કોઈ અન્ય શિક્ષણવિદ ન મળ્યા હોય તેવું લાગે છે. આ નિમણૂક હાસ્યાસ્પદ છે અને યુનિવર્સિટીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડનારી છે. પત્રમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ડો. ઈનામદારના સમયમાં એમ.એસ.યુ.ને રાજકીય અખાડો બનાવી દેવામાં આવ્યો હતો. સરકારની ચાપલુસી કરતા કાર્યક્રમો અને ચોક્કસ સંગઠનોના પ્રચારનું કેન્દ્ર યુનિવર્સિટીને બનાવવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સેનેટ સભ્યએ ચિંતા વ્યક્ત કરી કે આ નિમણૂક બાદ ફરી એકવાર યુનિવર્સિટી રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનશે અને શૈક્ષણિક સંસ્થાની ગરિમા જોખમાશે. વડોદરાના શિક્ષણપ્રેમીઓ વતી સરકાર દ્વારા આ જોગવાઈનો થયેલો દુરુપયોગ યુનિવર્સિટીની ગરિમા પર લાંછન સમાન છે, તેમણે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે નીટ પેપર ફૂટવાના મુદ્દે દિલ્હીના જંતર-મંતર ખાતે થયેલા આંદોલનનો ઉલ્લેખ કરીને પત્રમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના નિર્ણયો પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

ગોત્રીમુક્તિધામપાસેકચરાપેટીમાં અર્ધબળેલો મૃતદેહ મળી આવ્યો

પ્રાથમિક તબક્કે મૃતદેહ એનિમલનો હોવાનું જાણવા મળ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના ગોત્રી મુક્તિધામ નજીક આવેલી કચરાપેટીમાં અર્ધબળેલી હાલતમાં મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ફોરેન્સિક ટીમ તેમજ વેટરનરી ડોક્ટરને તપાસ માટે બોલાવવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં મૃતદેહ માનવીનો નહીં પરંતુ પશુનો હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ કચરાપેટીમાંથી દુર્ગંધ આવતાં સ્થાનિકોએ તપાસ કરતાં અર્ધબળેલી હાલતમાં મૃતદેહ જોવા મળ્યો હતો. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાને પગલે મૃતદેહ કચરાપેટીમાં જ સળગાવવામાં આવ્યો હતો કે અન્યત્રથી અહીં લાવી ફેંકવામાં આવ્યો હતો તે મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે જો કચરાપેટીમાં જ મૃતદેહ સળગાવવામાં આવ્યો હોય તો ધુમાડો અને આગ છતાં કોઈને જાણ કેમ ન થઈ? તેમજ રાત્રિ દરમિયાન પેટ્રોલિંગ કરતી પોલીસ અથવા મુક્તિધામના સંચાલકોના ધ્યાનમાં આ ઘટના કેમ ન આવી તે અંગે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે.

ગોત્રી પોલીસ મથકના પીઆઈએ જણાવ્યું હતું કે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફોરેન્સિક અને વેટરનરી નિષ્ણાતોની મદદ લેવામાં આવી હતી. તેમની ચકાસણીમાં મૃતદેહ પશુનો હોવાનું પ્રાથમિક રીતે સ્પષ્ટ થયું છે. જોકે મૃતદેહ અહીં કેવી રીતે આવ્યો અને તેને કોણે સળગાવ્યો તે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. સમગ્ર ઘટનાએ જાહેર સ્થળોની સુરક્ષા અને દેખરેખ અંગે પણ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

ઈ-ચલણ બાકી તો આરટીઓ સેવા બંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

ટ્રાફિકના બાકી ઈ-ચલણ ધરાવતા વાહનચાલકોને હવે આરટીઓની વિવિધ સેવાઓનો લાભ નહીં મળે. નવી સંકલિત ડિજિટલ સિસ્ટમ હેઠળ વાહનની માલિકી ટ્રાન્સફર, આરસીમાં સરનામું બદલવું, હાયપોથિકેશન દૂર કરવું, ડુપ્લિકેટ આરસી સહિતની અરજીઓ મંજૂર કરતા પહેલાં બાકી ઈ-ચલણની ચકાસણી કરવામાં આવશે. દંડ બાકી હશે તો અરજી પરત કરી પહેલાં ચલણ ભરવાની સૂચના અપાશે. ગુજરાતમાં વાહન સંબંધિત આશરે 50 ટકા અરજીઓ બાકી દંડના કારણે અટકી રહી છે. રાજ્યમાં અત્યાર સુધી અંદાજે 1.80 કરોડ ઈ-ચલણ જારી થયા છે, જ્યારે 2026માં 31 જુલાઈ સુધી 50.6 લાખ ઈ-ચલણ ફટકારાયા છે. આરટીઓના જણાવ્યા મુજબ સંપૂર્ણ સિસ્ટમ અમલમાં આવ્યા બાદ બાકી ઈ-ચલણ ધરાવતી કોઈપણ અરજી આપોઆપ બ્લોક થઈ જશે.

બે વર્ષ માટે પોકલેઈન અને ભારે મશીનો ભાડે લેવા દરખાસ્ત, સ્થાયીમાં અંતિમ નિર્ણય

મકરપુરા લેન્ડફિલ પર કચરાના વૈજ્ઞાનિક નિકાલ માટે રૂ.૩.૬૫ કરોડની મશીનરી ભાડે લેશે પાલિકા

અંદાજિત કિંમત કરતાં ૯.૩૫ ટકા ઓછો ભાવ આપનાર માધવ એન્ટરપ્રાઇઝ સૌથી નીચી બોલીદાર

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા મહાનગરપાલિકાએ શહેરમાંથી દરરોજ એકત્ર થતા ઘન કચરાના વૈજ્ઞાનિક નિકાલ અને મકરપુરા લેન્ડફિલ સાઇટના અસરકારક સંચાલન માટે મહત્વનો નિર્ણય લીધો છે. લેન્ડફિલ સાઇટ પર કચરાના ઢગલાઓને નિયમિત રીતે સમથળ કરવા અને વ્યવસ્થિત રીતે સંચાલિત કરવા આગામી બે વર્ષ માટે રૂ.3.65 કરોડની મર્યાદામાં ભારે મશીનરી ભાડે લેવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ પ્રસ્તાવ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે રજૂ કર્યો છે.

વડોદરા શહેરમાંથી દૈનિક ધોરણે મોટી માત્રામાં ઘન કચરો મકરપુરા સ્થિત લેન્ડફિલ સાઇટ પર પહોંચાડવામાં આવે છે. કચરાના વૈજ્ઞાનિક નિકાલ માટે ચેઇન ડોઝર અને પોકલેઇન ચેઇન એસ્કેવેટર જેવા ભારે મશીનોની સતત જરૂરિયાત રહે છે. કચરાને સમથળ કરવાથી લેન્ડફિલની ક્ષમતાનો યોગ્ય ઉપયોગ થાય છે તેમજ પર્યાવરણ સંબંધિત સમસ્યાઓ પર પણ નિયંત્રણ રાખી શકાય છે. જોકે, કોર્પોરેશન પાસે જરૂરી પ્રકારનું પોકલેઇન એસ્કેવેટર ઉપલબ્ધ ન હોવાથી અગાઉની જેમ ખાનગી એજન્સી પાસેથી મશીન ભાડે લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ કામગીરી માટે નિયમ મુજબ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ટેકનિકલ ચકાસણી બાદ બે એજન્સીઓ ક્વોલિફાઈ થઈ હતી. તેમાં 'માધવ એન્ટરપ્રાઇઝ'એ અંદાજિત કિંમત કરતાં 9.35 ટકા ઓછો ભાવ રજૂ કરીને સૌથી નીચી બોલી આપી હતી. એજન્સીએ પ્રતિ કલાક રૂ.1,251ના દરે પોકલેઈન મશીન ઉપલબ્ધ કરાવવાની તૈયારી દર્શાવી છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે બે વર્ષ માટે રૂ.3.65 કરોડની નાણાકીય મર્યાદા નક્કી કરીને કામગીરી સતત ચાલુ રહે તે માટે દરખાસ્ત તૈયાર કરી છે. આ મુદ્દે શુક્રવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં ચર્ચા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે. પાલિકાના મતે આ નિર્ણયથી કચરાના વૈજ્ઞાનિક સંચાલનને વધુ વેગ મળશે અને લેન્ડફિલ સાઇટનું કાર્યક્ષમ સંચાલન સુનિશ્ચિત બનશે.

૮-૯ ઓગસ્ટે વડોદરામાં યલો એલર્ટ, વીજળી સાથે વરસાદની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

હવામાન વિભાગે વડોદરા શહેરમાં આગામી સાત દિવસ સુધી વરસાદી માહોલ રહેવાની આગાહી કરી છે. ખાસ કરીને 8 અને 9 ઓગસ્ટે વીજળીના કડાકા, 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન અને વરસાદની શક્યતાને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા 24 કલાકમાં શહેરમાં વરસાદ નોંધાયો નહોતો.

બુધવારે મહત્તમ તાપમાન 33 ડિગ્રી અને લઘુત્તમ 27.4 ડિગ્રી નોંધાયું હતું. 10થી 12 ઓગસ્ટ દરમિયાન પણ વીજળી સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે 8 અને 9 ઓગસ્ટે ખુલ્લા મેદાનમાં ન જવા, ઝાડ નીચે આશરો ન લેવા અને વાહનચાલકોને સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની સલાહ આપી છે.

કાલાઘોડા, શાસ્ત્રી, ભીમનાથ સહિતના પુલો પર ચેન-લિંક જાળી લગાવાશે

વિશ્વામિત્રીમાં કચરો ફેંકનારાઓ પર લગામ, પુલો પર રૂ.૭૩ લાખના ખર્ચે ફેન્સિંગ કરાશે

પ્રદૂષણ અટકાવવાની સાથે મગરો અને જળચર જીવના સંરક્ષણ માટે પાલિકાનો નિર્ણય

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરા શહેરની જીવનદોરી સમાન અને ઐતિહાસિક મહત્વ ધરાવતી વિશ્વામિત્રી નદીને પ્રદૂષણમુક્ત બનાવવા વડોદરા મહાનગરપાલિકાએ મહત્વનો નિર્ણય લીધો છે. નદીમાં કચરો ફેંકવાની વધતી પ્રવૃત્તિ રોકવા માટે શહેરના મુખ્ય પુલો અને સંવેદનશીલ વિસ્તારોમાં રૂ.73.22 લાખના ખર્ચે એમ.એસ. ચેન-લિંક ફેન્સિંગ લગાવવામાં આવશે.

મળતી માહિતી મુજબ, કાલાઘોડા, શાસ્ત્રી, ભીમનાથ સહિતના વિવિધ પુલો પરથી લોકો પ્લાસ્ટિકની થેલીઓમાં ઘરગથ્થુ કચરો, પૂજાપો અને અન્ય નકામો

સામાન નદીમાં ફેંકતા હોવાની ફરિયાદો સતત મળી રહી હતી. તેના કારણે નદીનું પાણી પ્રદૂષિત બનતું હતું તેમજ કિનારાઓ પર કચરાના ઢગલા જમતાં દુર્ગંધ અને રોગચાળાનો ભય ઊભો થતો હતો. હવે ઊંચી ફેન્સિંગ લગાવાતા પુલ પરથી સીધો કચરો ફેંકવો મુશ્કેલ બનશે.

વિશ્વામિત્રી નદી મગરો સહિત અનેક જળચર જીવોનું કુદરતી નિવાસસ્થાન છે. નદીમાં જતો પ્લાસ્ટિક અને અન્ય કચરો તેમના માટે પણ જોખમી બનતો હોવાથી આ કામગીરી પર્યાવરણ સંરક્ષણ માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પાલિકા ફેન્સિંગ ઉપરાંત સીસીટીવી દ્વારા નજર રાખીને કચરો ફેંકનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવાની પણ તૈયારીમાં છે. પર્યાવરણપ્રેમીઓએ આ નિર્ણયને આવકારતા નાગરિકોને વિશ્વામિત્રીને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવા અપીલ કરી છે.